નોટિસ પેપર ભાગ-૩

અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નં.૫

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨૪૨૫-સહકાર<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- COP-21 સહકારી ......<br>અધિકારી<br>રૂ.૧૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૬૪ | ૧૦૦ | ખાનગી એ.પી.એમ.સી.ઓને અપાતી મંજુરીને કારણે સહકારી ધોરણે ચાલતી એ.પી.એમ.સી.ઓને થતું નુકશાન નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા (કાન્તીભાઈ ખરાડી) |

વિવિધ ક્ષેત્રે થઈ રહેલા વૈશ્વિકરણ તથા ઉદારીકરણની અસરો ખેત ઉત્પન્ન બજારો પર પણ થયેલ છે, અને બજારોમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી ખેત ઉત્પન્ન બજારોનો વધુને વધુ વિકાસ થાય તે માટે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સુધારો કરી તેમાં કરાર આધારિત ખેતી, સીધી ખરીદ વ્યવસ્થા, ઇ-માર્કેટ, ખાનગી માર્કેટ, કોમન લાયસન્સની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલ છે. અને તેને કારણે હરીફાઈ યુક્ત બજાર બનેલ છે. રાજય સરકાર ધ્વારા અમલમાં મુકેલ કૃષિનીતિને કારણે તથા કૃષિ મહોત્સવનાં કારણે ખેડૂતોના ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે. વળી, ખેડૂતો આધુનિક ખેતી પધ્ધતિઓ અપનાવીવધુમાં વધુ ઉત્પાદન મેળવે, તેમજ ખેત ઉત્પન્નની ગુણવત્તા વધે તથા રાજયનાં ખેત ઉત્પન્નની દેશમાં તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માંગ વધે તેને લક્ષમાં લઈ, બજાર સમિતિમાં તમામ

પ્રકારની આધુનિક પાયાની સવલતો તથા ખેડૂતલક્ષી સુવિધાઓ ઉભી થાય તે સમયની માંગ છે.

રાજ્યમાં ખાનગી માર્કેટના કુલ-૩૧ જેટલા લાયસન્સ આપવામાં આવેલ છે. જે ગુજરાતના સને-૧૯૬૫ના ખેત ઉત્પન્ન બજારો બાબતના નિયમોના નિયમ ૧૧૧(૩)ની જોગવાઈ મુજબ ખાનગી બજાર વિદ્યમાન બજાર સમિતિના મુખ્ય બજાર યોગાન (યાર્ડ) થી ૫ (પાંચ) કિલોમીટરની અંદર આવેલુ હોવુ જોઈશે નહિં. જે પૈકી ફક્ત ૫ માર્કેટ ચાલુ છે. જ્યારે રાજ્યની કુલ-૨૨૪ બજાર સમિતિઓ પૈકી ૨૧૩ મુખ્ય બજાર યોગાન તથા ૧૯૨ પેટા બજાર યોગાન મળી કુલ-૪૦૫ જેટલા બજારોમાં ખેડૂતોને તેમનાં ઉત્પાદનમાં સારા અને વ્યાજબી ભાવો મળી રહે તે માટે રાજ્યની બજાર સમિતિઓમાં વિકાસના કામો, મૂળભૂત રીતે પાયાની સગવડો  આધુનિક સગવડો અને ખેડૂતલક્ષી સગવડો ઉભી કરવી પણ અત્યંત જરૂરી છે. ઉક્ત તમામ મુદાઓ ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની બજાર સમિતિઓમાં (૧) ઓકશન શેડ (૨) લોડીંગ શેડ (૩) અન લોડીંગ શેડ (૪)પાર્કિંગ શેડ (૫) ડ્રાયર શેડ (૬) અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના કલીનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ યુનિટ (૭) ફાર્મર ટ્રેનીંગ સેન્ટર (૮) શોપ્સ કમ ગોડાઉન (૯) પ્લેટફોર્મ (૧૦) ફાર્મર રેસ્ટ હાઉસ (૧૧) ખેડુત કેન્ટીન (૧૨) કોમ્પ્યુટરાઈઝેશન (૧૩) ઇન્ફર્મેશન સેન્ટર અને (૧૪) જણસીઓનું એસેયીંગવગેરે જેવી આધુનિક સગવડો બજાર સમિતિઓમાં ઉભી કરવામાં આવે છે. અને ખેડૂતોને હાડમારી રહેતી નથી.  જે અંતર્ગત કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ કામગીરીની સવલતો ઉભી કરવામાં આવે છે. આમ, છેલ્લા ૧૪ વર્ષમાં ૧૮૮ જેટલી બજાર સમિતિઓને રૂ.૪૧૦.૯૯/- કરોડની આંતરમાળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવેલ છે.

આમ, રાજ્યમાં ખાનગી માર્કેટને અપાતી મંજુરીઓને કારણે રાજ્યની બજાર સમિતિઓમાં ટકી રહેવા માટે હરીફાઈનુ વાતાવરણ ઉભુ થયેલ છે અને ખેડૂતો અને વેપારીઓને આકર્ષવા માટે અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જેના કારણે રાજ્યની બજાર સમિતિઓની આવકમાં પણ વધારો જોવા મળેલ છે.

માન.ધારાસભ્યશ્રી શ્રી ઈમરાન ખેડાવાલા તથા શ્રી કાંન્તીભાઈ ખરાડી એ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપદરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

## નોટિસ પેપર ભાગ-૩

## અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

## સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

## કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

## માંગણી નં.૫

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૨ | ૨૪૨૫- સહકાર<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-COP-21 સહકારી ...અધિકારી<br>રૂ.૧૫,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.3<br>પાના.નં.૧૬૪ | ૧૦૦ | રાજયની જિલ્લા સહકારી મંડળીઓમાં બિન સત્તાવાર સભ્યોની તપાસ કરી તેમના નામો રદ કરવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર<br>(શ્રી વિમલભાઈ ચુડાસમા) |

**૧.પ્રસ્તાવના :**

૧.૧ ભારતમાં સૌપ્રથમ વર્ષ-૧૯૦૪માં ધિરાણ સહકારી મંડળીઓ સંબંધિત કાયદો બનાવવામાં આવેલ હતો, અને ત્યારથી સહકારી પ્રવૃત્તિને નિયમિત કરવાની શરૂઆત થઈ હતી, જોકે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિ ની શરૂઆત આ પહેલા થઈ ચુકી હતી, આમ જોવા જઈએ તો ગુજરાતનું સહકારી માળખું ૧૦૦વર્ષથી પણ વધુ જૂનું છે.

૧.૨ બૃહદ મુંબઈ રાજ્યમાંથી જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર અલગ રાજ્યો બન્યા ત્યારે ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિઓના નિયમન માટે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧બનાવવામાં આવ્યો અને રાજ્ય સરકારશ્રી દ્વારા સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવતાં માર્ચ-૨૦૨૩અંતિત નોંધાયેલ સહકારી મંડળીઓની સંખ્યા૮૭,૦૦૦થી પણ વધુ થઈ અને તેમાં લાખો સભાસદો જોડાયા છે.

૧.૩ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૪ માં "ખુલ્લા સભાસદપણા"ની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, કોઈ સામાન્ય વ્યક્તિ પણ મંડળીમાં સભાસદ બની શકે છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ અંતર્ગત કોઈપણ મંડળીમાં સભાસદ બનાવવાનો નિર્ણય જે તે મંડળી દ્વારા જ લેવામાં આવે છે, જ્યારે મંડળીમાં કોઈ પણ સભાસદનું અવસાન થાય ત્યારે સભાસદના વારસદારના નામે શેર ટ્રાન્સફર કરીને સભાસદ બનાવવાની કામગીરી તેમજ જો કોઈ વારસદાર મળી ન આવે અથવા વારસદાર સભ્ય બનવા અનિચ્છા દર્શાવે અથવા સભાસદ બનવાની લાયકાત ન ધરાવે ત્યારે તેને શેરની રકમ પરત કરીને અવસાન પામેલ સભાસદનું નામ સભાસદ રજિસ્ટરમાંથી કમી કરવામાં આવે છે.

**૨.સહકાર પ્રભાગની સિદ્ધિઓ:-**

૨.૧ સહકાર પ્રભાગ રાજ્યમાં ૮૭,૦૦૦થી વધુ સહકારી મંડળીઓની નોંધણી કરીને લાખો સભાસદો સુધી સહકારી પ્રવૃત્તિને પહોંચાડવામાં સફળ રહ્યો છે.

૨.૨ ગુજરાતમાં આજે GCMMFજેવી સહકારી સંસ્થા વિશ્વમાં અને ભારતમાં અગ્રેસર સહકારી મંડળી તરીકે નામના મેળવવામાં સફળ રહી છે

૨.૩ રાજ્યમાં સહકારી મંડળીની નોંધણી ફક્ત ૪૫દિવસમાંજ કરવામાં આવે તેવી વ્યવસ્થા સહકાર પ્રભાગે કરી છે, તથા તેને અમલમાં પણ મૂકી છે.

૨.૪ રાજ્યમાં સહકારી મંડળીઓ સભાસદ બનાવવા તથા અવસાન પામેલ સભાસદોનેદૂર કરવા સ્વતંત્ર હોવા છતાં, સહકારી મંડળીઓમાં આવા અવસાન પામેલ સભાસદના નામે દુરુપયોગ ન થાય તે માટે સહકાર પ્રભાગ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવેલ છે, જેના ભાગરૂપે જિલ્લા રજિસ્ટ્રાર અને તેમના મારફત સહકારી મંડળીઓને આવા સભાસદોના નામ કમી કરવા જણાવવામાં આવ્યું, અને જેના ભાગરૂપે રાજયમાં ૩લાખથી વધુ અવસાન પામેલ સભાસદના નામ રદ કરવાની અભૂતપૂર્વ સિદ્ધિ મેળવવામાં આવેલ છે.

**૩.આગામી આયોજન:-**

૩.૧ સહકાર પ્રભાગની વિવિધ જગ્યાઓની ભરતી પ્રક્રિયા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાંવર્ગ-૨ ના ૯૮અધિકારીઓ ઉપલબ્ધ થશે, ઉપરાંત૬૦૦થી પણ વધારે વર્ગ-૩ ના કર્મચારીઓ પ્રાપ્ત થનાર છે.

૩.૨ સહકાર પ્રભાગમાં સ્ટાફ વધવાની સાથે સહકારી મંડળીઓના નિયમિત ઓડિટ અને તપાસણી કામગીરી હાથ ધરવામાં આવશે, જેનાથી મંડળીઓમાં થતી અનિયમિતતાઓ અટકાવી શકાશે.

૩.૩ સહકારી મંડળીઓમાં જાગૃતિ લાવવામાં આ સ્ટાફ વધુ મદદરૂપ થશે.

**૪. બજેટ જોગવાઈ:-**

૪.૧ રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરી સંલગ્ન અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી પગાર-ભથ્થાંસમયસર મળી રહે, તે માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

૪.૨ નાણાકીય વર્ષ૨૦૨૪-૨૫માં સ્ટાફ ખર્ચ તથા કચેરી ખર્ચને પહોંચી વળવા માટે રૂપિયા ૧૫.૮૦કરોડની જોગવાઈ મૂકવામાં આવેલ છે.

**૫. સમાપન:-**

૫.૧ આમ, સહકાર પ્રભાગ તેના સ્ટાફ મારફત સહકારી મંડળીઓની નોંધણી, નિયંત્રણ અને વિકાસ સંબંધિત કામગીરી કરવામાં સફળ રહ્યો છે, સાથે સાથે બિનઅધિકૃત અવસાન પામેલ સભાસદોના નામ કમી કરવા માટે અભૂતપૂર્વ અભિયાન ચલાવેલ છે.

૫.૨ આથી રજિસ્ટ્રાર સહકારી મંડળીઓની કચેરીના ખર્ચ સંબંધિત બજેટ સદર ૨૪૨૫-૦૦-૦૦૧ (સીઓપી-૨૧) માં રૂ.૧૫.૮૦ કરોડની બજેટ જોગવાઈ પર રજૂ થયેલ કાપ દરખાસ્ત ના મંજુર કરવા વિનંતી છે.

૫.૩ માન.ધારાસભ્યશ્રી શ્રી દિનેશભાઇ ઠાકોર તથા શ્રી વિમલભાઈ ચુડાસમાએ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપ દરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

નોટિસ પેપર ભાગ- ૩

અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તામી ફેબ્રુઆરીર૬.,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નંપ.

| અ. નં. | મુખ્યસદરઅનેસંદર્ભ | કાપ દરખાસ્ત રૂ/. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૩ | ૨૪૨૫-સહકાર ૧૦૧-નિર્દેશ અને વહીવટ ૦૩-સહકારી પંચ રૂ/-૧,૭૭,૦૦,૦૦૦ અ.પ્ર.નં.૩ પા.નં.૧૬૪ થી ૧૬૭ | ૧૦૦ | રાજયમાં બોર્ડ ઓફ નોમીની કોર્ટોની અનિયમિત કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષભાઇ પરમાર (અરવિંદભાઇ લાડાણી ) |

ગુજરાત રાજયમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધાયેલ સહકારી મંડળીઓમાં ઉદ્દ્ભવતી તકરારોના નિવારણ અર્થે બોર્ડઓફ નોમીનીઝ કોર્ટની રચના કરવામાં આવેલ છે. હાલ ગુજરાત રાજયમાં ૧૫-બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ કાર્યરત છે. બોર્ડ ઓફ નોમીની ઝકોર્ટમાં નોમીની તરીકે નિવૃત્ત સિનિયર સીવીલ જજને એક વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણૂંક સરકાર શ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ધ્વારા આપવામાં આવે છે. કરારનો સમયગાળો પૂર્ણ થતાં બોર્ડ ઓફનોમીનીઝ નીકુલ-૧૫ જગ્યાઓ પૈકી તા. ૦૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ ૧૧-જગ્યાઓ ભરાયેલછે તથા ૦૪-જગ્યાઓ ખાલી છે.

સરકારશ્રીનાકૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરની તા. ૧૪/૦૮/૨૦૨૩ ની અધિસૂચના ક્રમાંકઃ જીએચકેએચ/૧૨૪/૨૦૨૩/ACD/AMR/e-file/2/2023/ 1164/CHH Section થી બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટની કુલ-૦૯ જગ્યાઓ પર નિવૃત્ત સિનિયર સીવીલ જજશ્રીઓને એક વર્ષના સમયગાળા માટે કરાર આધારિત નિમણૂંકના

હુકમ કરવામાં આવેલ. સદરહુ કમ પૈકી શ્રી બી.કે.ગોસાઇ, સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, રાજકોટ નિમણૂંકવાળી જગ્યાએ હાજર થયેલ નથી તથા સંયુકત રજિસ્ટ્રાર અને સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, ભાવનગર તરીકે ફરજ બજાવતા શ્રી એસ.યુ.ધોળકિયાએ તા. ૦૮/૦૧/૨૦૨૪ના રોજથી રાજીનામું આપેલ છે.

બોર્ડ ઓફ નોમીનીઝની ૦૪ ખાલી જગ્યાઓ પૈકી ૦૨-જગ્યાઓ ઉકત કારણોસર ખાલી રહેલ છે. સદર ખાલી જગ્યાઓ પર નિવૃત્ત સિનિયર સીવીલ જજશ્રીઓને એક વર્ષના સમયગાળા માટે પૂનઃકરાર આધારિત નિમણૂંક આપવાની પ્રક્રિયા હાલ વિભાગ કક્ષાએ ગતિમાં છે.

બોર્ડ ઓફ નોમીનીઝની ખાલી જગ્યાના ચાર્જ સુપ્રત કરીને વધારાની કામગીરી લેવામાં આવે છે.

ઉકત વિગતે બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ નિયમિત પણે કાર્યરત રહે તે માટે તંત્ર ધ્વારા પૂર્ણકાળજી લઇ પગલા ભરવામાં આવી રહેલ છે. આમ, બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટની પ્રજા લક્ષી કામગીરીને કોઇ વિપરિત અસર થયેલ નથી.

ઉકત હકીકતોને લક્ષમાં લઇને રૂા. ૧૦૦/- ની કાપદરખાસ્તના મંજુર કરી રૂા. ૧,૭૭,૦૦,૦૦૦/- ની માંગણી મંજુર કરવા વિનંતી છે.

માન.ધારાસભ્યશ્રી શ્રી શૈલેષભાઇ પરમાર તથા શ્રી અરવિંદભાઇ લાડાણીએ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપ દરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

નોટિસ પેપર ભાગ-૩

અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નં.૫

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂપિયા | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૪ | ૨૪૨૫-સહકાર-<br>૧૦૧- સહકારી ઓડીટ<br><br>૦૧-COP-૨૩ સરકારી તપાસણી<br>રૂ.૪૪,૨૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના નં.૧૭૨ | ૧૦૦ | સહકારી મંડળીઓની હિસાબ તપાસણીની કામગીરી સમયસર પુર્ણ ન થવાને કારણે તેમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |

સહકારી ખાતાના ઓડીટરો દ્વારા વાર્ષિક ધોરણે, સતત અને સમવાયી ઓડીટ પધ્ધતિથી તેમજ પેનલ પરના પ્રમાણિત અન્વેષકો તેમજ પેનલ ઉપરના ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા એમ વિવિધ ઓડીટરો મારફત સહકારી મંડળીઓનાં ઓડીટ હાથ ધરવામાં આવે છે.

તા. ૩૧/૦૩/૨૩ ના અંતે તમામ મંડળીઓના ઓડીટની વ્યવસ્થા કરવાની રહેતી હતી. સહકારી કાયદાની કલમ-૮૪માં થયેલ સુધારા મુજ્બ રાજ્ય સહકારી બેંક તથા જિલ્લા સહકારી બેંકોના ઓડીટ ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે કરાવવામાં આવે છે. તદઉપરાંત, ધી બેકીંગ રેગ્યુલેશન એકટ,૧૯૪૯ માં, ભારત સરકારશ્રી દ્વારા તા.૨૯-૯-૨૦૨૦ થી થયેલ સુધારા મુજબ,નાગરિક

સહકારી બેંક ના ઓડીટ  રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા દ્વારા પરિપત્રથી જાહેર કરેલ ગાઇડ લાઇન મુજબ  આર.બી.આઇ કક્ષાએથી ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે કરાવવામાં આવે છે.

સહકારી મંડળીઓનાં ઓડીટનું માળખું નીચે મુજબ અસ્તિત્વ ધરાવે છે.

રાજ્યપત્રિત કક્ષાના ૧૦૪ તથા બિન રાજ્યપત્રિત કક્ષાના ૧૨૪૫ મળી કુલ ૧૩૪૯ જગ્યાનું ઓડીટ મહેકમ મંજુર કરવામાં આવેલ છે. જે સામે  **૩૯૨** જગ્યાઓ ભરાયેલ છે. તથા **૯૫૭** જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે.

ઉપરોક્ત મહેકમને ખાતા દ્વારા નિયત કરેલ ધોરણો મુજબ ઓડીટ કામગીરી સોંપવામાં આવે છે. જે તેઓ દ્વારા નિયત કરેલ ધોરણો મુજબ ઓડીટ કામગીરી પુર્ણ કરવામાં આવે છે. એક હિસાબી વર્ષમાં રાજ્યપત્રિત તેમજ  બિન રાજ્યપત્રિત મહેકમે ૨૨૦ દિવસોની ઓડીટ કામગીરી કરવાની હોય છે.

સહકાર ખાતાના ઓડીટ મહેકમ દ્વારા સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષમાં ઓડીટ પાત્ર કુલ મંડળીઓ: ૬૩૮૫૯ હતી.  જે  પૈકી  ઓડીટ માટે ફાળવેલ મંડળીઓ કુલ: ૫૧૧૦૯  સામે કુલ: ૨૦૨૪૩ મંડળીઓની ઓડીટ કામગીરી તા.૩૧/૦૧/૨૦૨૪ ના અંતે પુર્ણ થયેલ છે. જે ફાળવેલ મંડળીઓ સામે ૪૦% ઓડીટ કામગીરી થયેલ છે. બાકી મંડળીઓની ઓડીટ કરાવવાની કામગીરી ચાલુ છે. પેનલ પરના ઓડીટરોને પણ પેનલપાત્ર મંડળીઓના ઓડીટ સોંપી કામગીરી પુર્ણ કરવામાં આવે છે.

દૂધ સહકારી મંડળીઓ અને ખાંડ સહકારી મંડળીઓના અને ઓડીટ માટે અલગ વ્યવસ્થાતંત્ર છે. દૂધ સહકારી મંડળીઓના ઓડીટ નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ મારફત કરવવામાં આવે છે. આ સમિતિના નિયંત્રણ હેઠળ **૪૯૩** અધિકારીઓ અને કર્મચારીઓ છે. આ પૈકી હાલ ૧૬૨ જગ્યાઓ ભરાયેલ છે તથા ૩૩૧ જગ્યાઓ ખાલી રહેવા પામેલ છે. ખાંડ સહાકારી મંડળીઓના ઓડીટની કામગીરી ખાંડ નિયામકશ્રી દ્વારા રજિસ્ટ્રારશ્રી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતી ઓડીટ પેનલ યાદી ઉપરના ચાર્ટડ એકાઉન્ટન્ટ મારફત ઓડીટ કરાવવામાં આવે છે.

ઓડીટની કામગીરીનો દર મહિને સંબંધિત જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા અને વિભાગીય કક્ષાએ સંયુક્ત રજિસ્ટ્રાર (વિભાગીય) તેમજ વડી કચેરી દ્વારા સતત રિવ્યુ થાય છે. જે મંડળીઓમાં ગેરરીતી થવા બાબત ઓડીટરના ધ્યાને આવતાં, ઓડીટર તરફથી સહકારી કાયદાની જોગવાઇ મુજબ અલગથી અહેવાલ કરી, સબંધિત રજિસ્ટ્રારને  કાર્યવાહી કરવા માટે મોક્લવામાં આવતાં હોય છે. આમ, ઓડીટની કામગીરીમાં તંત્રની ઉદાસીનતા નથી. આ ઉપરાંત ઓડીટની કામગીરીનું સતત ફોલોઅપ કરવામાં આવે છે. અને તેને વધુ વેગવાન બનાવવા તંત્ર સતત પ્રયત્નશીલ તેમજ જાગૃત છે, આથી રજુ કરેલ  રૂ.૧૦૦/- ની કાપ દરખાસ્ત પરત ખેંચવા માનાનીય સભ્યશ્રીને અનુરોધ કરૂં છું.

માન.ધારાસભ્યશ્રી  શ્રી ગુલાબસિંહ ચૌહાણને માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપ દરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વીકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરૂ છું.

# નોટિસ પેપર ભાગ-૩

## અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નં.પ

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૫ | ૨૪૩૫-અન્ય કૃષિ વિષયકકાર્યક્રમો<br>૦૧- ખરીદ વેચાણ અને ગૂણવત્તાના નિયત્રંણ<br>૧૦૧-ખરીદ-વેચાણ સવલતો<br>રૂા.૦૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૮૭ અને ૧૮૮ | ૧૦૦ | રાજ્યની મોટાભાગની માર્કેટયાર્ડમાં પાક સંરક્ષણની પૂરતી સુવિધાઓના અભાવે પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુન મોઢવાડીયા |

વિવિધ ક્ષેત્રે થઈ રહેલા વૈશ્વિકરણ તથા ઉદારીકરણની અસરો ખેત ઉત્પન્ન બજારો પર પણ થયેલ છે, અને બજારોમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી ખેત ઉત્પન્ન બજારોનો વધુને વધુ વિકાસ થાય તે માટે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સુધારો કરી તેમાં કરાર આધારિત ખેતી, સીધી ખરીદ વ્યવસ્થા, ઇ-માર્કેટ, ખાનગી માર્કેટ, કોમન લાયસન્સની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલ છે. અને તેને કારણે હરીફાઈ યુક્ત બજાર બનેલ છે. રાજય સરકાર ધ્વારા અમલમાં મુકેલ કૃષિનીતિને કારણે તથા કૃષિ મહોત્સવનાં કારણે ખેડૂતોના ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે. વળી, ખેડૂતો આધુનિક ખેતી પધ્ધતિઓ અપનાવી વધુમાં વધુ ઉત્પાદન મેળવે, તેમજ ખેત ઉત્પન્નની ગુણવત્તા વધે તથા રાજયનાં ખેત ઉત્પન્નની દેશમાં તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માંગ વધે તેને લક્ષમાં લઈ, બજાર સમિતિમાં તમામ પ્રકારની આધુનિક પાયાની સવલતો તથા ખેડૂતલક્ષી સુવિધાઓ ઉભી થાય તે સમયની માંગ છે.

રાજ્યની કુલ-૨૨૪ બજાર સમિતિઓ પૈકી ૨૧૩ મુખ્ય બજાર યોગાન તથા ૧૯૨ પેટા બજાર યોગાન મળી કુલ-૪૦૫ જેટલા બજારોમાં ખેડૂતોને તેમનાં ઉત્પાદનમાં સારા અને વ્યાજબી ભાવો મળી રહે તે માટે રાજ્યની બજાર સમિતિઓમાં વિકાસના કામો, મૂળભૂત રીતે પાયાની સગવડો  આધુનિક સગવડો અને ખેડૂતલક્ષી સગવડો ઉભી કરવી પણ અત્યંત જરૂરી છે. ઉક્ત તમામ મુદાઓ ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની બજાર સમિતિઓમાં (૧) ઓકશન શેડ (૨) લોડીંગ શેડ (૩) અન લોડીંગ શેડ (૪)પાર્કિંગ શેડ (૫) ડ્રાયર શેડ (૬) અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના કલીનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ યુનિટ (૭) ફાર્મર ટ્રેનીંગ સેન્ટર (૮) શોપ્સ કમ ગોડાઉન (૯) પ્લેટફોર્મ (૧૦) ફાર્મર રેસ્ટ હાઉસ (૧૧) ખેડુત કેન્ટીન (૧૨) કોમ્પ્યુટરાઈઝેશન (૧૩) ઇન્ફર્મેશન સેન્ટર અને (૧૪) જણસીઓનું એસેયીંગવગેરે જેવી આધુનિક સગવડો બજાર સમિતિઓમાં ઉભી કરવામાં આવે છે. અને ખેડૂતોને હાડમારી રહેતી નથી.  જે અંતર્ગત કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ કામગીરીની સવલતો ઉભી કરવામાં આવે છે. આમ, છેલ્લા ૧૪ વર્ષમાં ૧૮૮ જેટલી બજાર સમિતિઓને રૂ.૪૧૦.૯૯/- કરોડની આંતરમાળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવેલ છે.

આમ, તંત્ર તરફથી કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવંત્તા યુક્ત સુવિધાઓ ઉભી કરવાની યોજનાઓ પાક નુકશાનને નિવારવા અમલમાં મુકેલ છે.

માન.ધારાસભ્યશ્રી શ્રી અર્જુન મોઢવાડીયા એ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપદરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

<u>નોટિસ પેપર ભાગ-૩</u>

<u>અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો</u>

<u>પંદરમી ગુજરાત વિધાનસભા</u>

<u>ચોથું સત્ર</u>

<u>સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪</u>

<u>કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ</u>

<u>માંગણી નં.૫</u>

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૬ | ૨૪૩૫-અન્ય કૃષિ વિષયક કાર્યક્રમો<br>૦૧- ખરીદ વેચાણ અને ગૂણવત્તાના નિયત્રંણ<br>૧૦૧-ખરીદ-વેચાણ સવલતો<br>રૂા.૦૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૮૭ અને ૧૮૮ | ૧૦૦ | માર્કેટયાર્ડના હોદ્દેદારો અને વેપારીઓની સાંઠગાંઠ દ્વારા ખેડુતોના પાકની સસ્તા ભાવે થતી ખરીદીને કારણે ખેડુતોને થતું આર્થિક નુકસાન નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. તુષાર ચૌધરી |

વિવિધ ક્ષેત્રે થઈ રહેલા વૈશ્વિકરણ તથા ઉદારીકરણની અસરો ખેત ઉત્પન્ન બજારો પર પણ થયેલ છે, અને બજારોમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી ખેત ઉત્પન્ન બજારોનો વધુને વધુ વિકાસ થાય તે માટે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સુધારો કરી તેમાં કરાર આધારિત ખેતી, સીધી ખરીદ વ્યવસ્થા, ઇ-માર્કેટ, ખાનગી માર્કેટ, કોમન લાયસન્સની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલ છે. અને તેને કારણે હરીફાઈ યુક્ત બજાર બનેલ છે. રાજય સરકાર ધ્વારા અમલમાં મુકેલ કૃષિનીતિને કારણે તથા કૃષિ મહોત્સવનાં કારણે ખેડૂતોના ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે. વળી, ખેડૂતો આધુનિક ખેતી પધ્ધતિઓ અપનાવીવધુમાં વધુ ઉત્પાદન મેળવે, તેમજ ખેત ઉત્પન્નની ગુણવત્તા વધે તથા રાજયનાં ખેત ઉત્પન્નની દેશમાં તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માંગ વધે તેને લક્ષમાં લઈ, બજાર સમિતિમાં તમામ

પ્રકારની આધુનિક પાયાની સવલતો તથા ખેડૂતલક્ષી સુવિધાઓ ઉભી થાય તે સમયની માંગ છે.

રાજ્યની કુલ-૨૨૪ બજાર સમિતિઓ પૈકી ૨૧૩ મુખ્ય બજાર યોગાન તથા ૧૯૨ પેટા બજાર યોગાન મળી કુલ-૪૦૫ જેટલા બજારોમાં ખેડૂતોને તેમનાં ઉત્પાદનમાં સારા અને વ્યાજબી ભાવો મળી રહે તે માટે રાજ્યની બજાર સમિતિઓમાં વિકાસના કામો, મૂળભૂત રીતે પાયાની સગવડો  આધુનિક સગવડો અને ખેડૂતલક્ષી સગવડો ઉભી કરવી પણ અત્યંત જરૂરી છે. ઉક્ત તમામ મુદાઓ ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની બજાર સમિતિઓમાં (૧) ઓકશન શેડ (૨) લોડીંગ શેડ (૩) અન લોડીંગ શેડ (૪)પાર્કિંગ શેડ (૫) ડ્રાયર શેડ (૬) અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના કલીનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ યુનિટ (૭) ફાર્મર ટ્રેનીંગ સેન્ટર (૮) શોપ્સ કમ ગોડાઉન (૯) પ્લેટફોર્મ (૧૦) ફાર્મર રેસ્ટ હાઉસ (૧૧) ખેડુત કેન્ટીન (૧૨) કોમ્પ્યુટરાઈઝેશન (૧૩) ઇન્ફર્મેશન સેન્ટર અને (૧૪) જણસીઓનું એસેયીંગવગેરે જેવી આધુનિક સગવડો બજાર સમિતિઓમાં ઉભી કરવામાં આવે છે. જે અંતર્ગત કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ કામગીરીની સવલતો ઉભી કરવામાં આવે છે. આમ, છેલ્લા ૧૪ વર્ષમાં ૧૮૮ જેટલી બજાર સમિતિઓને રૂ.૪૧૦.૯૯/- કરોડની આંતરમાળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવેલ છે.

આમ, તંત્ર તરફથી કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવંત્તા યુક્ત સુવિધાઓ ઉભી કરવાની અને ખેડૂતોને તેઓનાં ઉત્પાદનમાં સારા અને વ્યાજબી ભાવો મળી રહે તે માટે બજાર સમિતિઓમાં આ પ્રકારની સુવિધાઓ ઉભી કરવાની યોજનાઓ ખેડૂતોનાં હિતાર્થે અમલમાં મુકેલ છે.આ ઉપરાંત રાજ્યની બજાર સમિતિઓમાં ખેડૂતોના ખેત ઉત્પન્નનુ જાહેર હરાજીથી વેચાણ થતુ હોઈ, ખેડૂતોને મહદઅંશે તેમના ખેત ઉત્પન્નના વ્યાજબી અને પોષણક્ષમ ભાવો મળી રહેતા હોઈ પ્રશ્ન નથી. વળી બજાર સમિતિઓ ફકત ખેત ઉત્પન્નનાં ખરીદ વેચાણનું પ્લેટ ફોર્મ પુરુ પાડે છે. તે પોતે કોઈ ખરીદી કરતી નથી. જાહેર હરાજીમાં ભાગ લઈ, વેપારીઓ દ્વારા ખરીદી થાય છે.

માન.ધારાસભ્યશ્રી ડો.તુષાર ચૌધરીએ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપદરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

નોટિસ પેપર ભાગ-૩

અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નં.૫

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪(નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૭ | ૨૪૩૫-અન્ય કૃષિ વિષયક કાર્યક્રમો<br>૦૧- ખરીદ વેચાણ અને ગૂણવત્તાના નિયત્રંણ<br>૧૦૧-ખરીદ-વેચાણ સવલતો<br>રૂા.૦૯,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં-૩<br>પાના નં. ૧૮૭ અને ૧૮૮ | ૧૦૦ | ખેડુતોને પાકના વેચાણ માટે નજીકના સ્થળે વેચાણ કેન્દ્રોની સવલત પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા (અમૃતજી ઠાકોર, કીરીટકુમાર પટેલ, ગેનીબેન ઠાકોર) |

વિવિધ ક્ષેત્રે થઈ રહેલા વૈશ્વિકરણ તથા ઉદારીકરણની અસરો ખેત ઉત્પન્ન બજારો પર પણ થયેલ છે, અને બજારોમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિ ઉભી થઈ છે. જેથી ખેત ઉત્પન્ન બજારોનો વધુને વધુ વિકાસ થાય તે માટે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩માં સુધારો કરી તેમાં કરાર આધારિત ખેતી, સીધી ખરીદ વ્યવસ્થા, ઇ-માર્કેટ, ખાનગી માર્કેટ, કોમન લાયસન્સની જોગવાઈઓ દાખલ કરવામાં આવેલ છે. અને તેને કારણે હરીફાઈ યુક્ત બજાર બનેલ છે. રાજય સરકાર ધ્વારા અમલમાં મુકેલ કૃષિનીતિને કારણે તથા કૃષિ મહોત્સવનાં કારણે ખેડૂતોના ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે. વળી, ખેડૂતો આધુનિક ખેતી પધ્ધતિઓ અપનાવીવધુમાં વધુ ઉત્પાદન મેળવે, તેમજ ખેત ઉત્પન્નની ગુણવત્તા વધે તથા રાજયનાં ખેત ઉત્પન્નની દેશમાં તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માંગ વધે તેને લક્ષમાં લઈ, બજાર સમિતિમાં તમામ

પ્રકારની આધુનિક પાયાની સવલતો તથા ખેડૂતલક્ષી સુવિધાઓ ઉભી થાય તે સમયની માંગ છે.

રાજ્યમાં કુલ-૨૨૪ બજાર સમિતિઓની રચના કરવામાં આવી છે પૈકી ૨૧૩ મુખ્ય બજાર ચોગાન તથા ૧૯૨ પેટા બજાર ચોગાન મળી કુલ-૪૦૫ જેટલા બજારોમાં ખેડૂતોને તેમનાં ઉત્પાદનમાં સારા અને વ્યાજબી ભાવો મળી રહે તે માટે રાજ્યની બજાર સમિતિઓમાં વિકાસના કામો, મૂળભૂત રીતે પાયાની સગવડો  આધુનિક સગવડો અને ખેડૂતલક્ષી સગવડો ઉભી કરવી પણ અત્યંત જરૂરી છે. ઉક્ત તમામ મુદાઓ ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની બજાર સમિતિઓમાં (૧) ઓકશન શેડ (૨) લોડીંગ શેડ (૩) અન લોડીંગ શેડ (૪)પાર્કિંગ શેડ (૫) ડ્રાયર શેડ (૬) અનાજ, કઠોળ તથા મસાલા સાફ કરવાના કલીનીંગ, વોશીંગ, ગ્રેડીંગ, પેકેજીંગ યુનિટ (૭) ફાર્મર ટ્રેનીંગ સેન્ટર (૮) શોપ્સ કમ ગોડાઉન (૯) પ્લેટફોર્મ (૧૦) ફાર્મર રેસ્ટ હાઉસ (૧૧) ખેડુત કેન્ટીન (૧૨) કોમ્પ્યુટરાઈઝેશન (૧૩) ઇન્ફર્મેશન સેન્ટર અને (૧૪) જણસીઓનું એસેયીંગવગેરે જેવી આધુનિક સગવડો બજાર સમિતિઓમાં ઉભી કરવામાં આવે છે. જે અંતર્ગત કૃષિ વિષયક ખરીદ-વેચાણ અને ગુણવત્તા નિયંત્રણ કામગીરીની સવલતો ઉભી કરવામાં આવે છે. આમ, છેલ્લા ૧૪ વર્ષમાં ૧૮૮ જેટલી બજાર સમિતિઓને રૂ.૪૧૦.૯૯/- કરોડની આંતરમાળખાકીય સુવિધાઓ માટે સહાય આપવામાં આવેલ છે. સને:-૨૦૨૦-૨૧ માં ૧૨૫૪.૦૨ લાખ ક્વિન્ટલ  ખેત ઉત્પન્ન, રાજ્યની બજાર સમિતિઓમાં વેચાણ માટે આવેલ છે, જેનું મૂલ્ય રૂ.૩૩,૩૪૧.૮૪/-કરોડ છે. સને:-૨૦૨૧-૨૨ માં ૧૦૩૯.૭૯લાખ ક્વિન્ટલ ખેત ઉત્પન્ન, રાજ્યની બજાર સમિતિઓમાં વેચાણ માટે આવેલ છે, જેનું મૂલ્ય રૂ.૩૭૦૯૬કરોડ છે. તથા સને:-૨૦૨૨-૨૩ માં ૧૩૨૫.૮ લાખ ક્વિન્ટલખેત ઉત્પન્ન, રાજ્યની બજાર સમિતિઓમાં વેચાણ માટે આવેલ છે, જેનું મૂલ્ય રૂ.૫૦૭૬૮.૦૦/-કરોડ છે.

આમ, તંત્ર તરફથી ખેડૂતોના માલના વેચાણ માટે નજીકમાં જ માર્કેટયાર્ડ મળી રહે તે માટે નકકર કામગીરી કરેલ છે અને કૃષિ ઉત્પન્નના વેચાણ માટે નજીકમાં જ માર્કેટ યાર્ડ મળી રહે તે હેતુથી રાજ્યના દરેક તાલુકે માર્કેટ યાર્ડની રચનાનો અભિગમ રહેલ છે. રાજ્યના કુલ ૨૫૨ તાલુકા પૈકી ૨૨૪ તાલુકામાં માર્કેટયાર્ડ આવેલા છે. તથા અન્ય જગ્યાએ સબયાર્ડ કાર્યરત છે. જેમાંખેતી પાકોના વેચાણ માટે ખરીદીની સવલતો ઉભી કરવાના પરિણામે ખેડૂતો વધુને વધુ કૃષિ ઉત્પન્ન  બજાર સમિતિઓમાં લાવતા થયા છે.

માન.ધારાસભ્યશ્રી શ્રી અમીત ચાવડા, શ્રી અમૃતજી ઠાકોર, શ્રી કીરીટકુમાર પટેલ, અને ગેનીબેન ઠાકોરએ માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપદરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વિકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.

નોટિસ પેપર ભાગ-૩

અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માંગણીઓ ઉપરની કાપ દરખાસ્તો

પંદરમી ગુજરાત વિધાનસભા

ચોથું સત્ર

સોમવાર,તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૨૪

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

માંગણી નં.૫

સને.૨૦૨૪-૨૫નાં અનુદાનો માટેની માંગણીઓ પૈકી સોમવાર,તા.૨૬/૦૨/૨૦૨૪ (નવમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માંગણીઓ ઉપરની કાપ દરખાસ્ત

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૮ | ૩૪૭૫-અન્ય ....સેવાઓ<br>૨૦૦-અન્ય....વિનિયમન<br>૦૧-શાહુકાર..અમલ<br>રૂ.૫,૨૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાના.નં.૧૯૮ | ૧૦૦ | શાહુકાર અધિનિયમ કાયદાનો સખ્તાઈથી અમલ કરાવી વ્યાજખોરો પર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનંતકુમાર પટેલ |

ગુજરાત રાજયમાં ધીરધારના ધંધા ઉપર નિયંત્રણ કરવા માટે તેમજ ઉચા દરે વ્યાજે નાણા ફેરવતા ઈસમો ઉપર અંકુશ રાખવા માટે ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ તા.૦૮/૦૪/૨૦૧૧ થી અમલમાં છે. જેના અમલીકરણની જવાબદારી રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરને "રજિસ્ટ્રાર જનરલ ઓફ મની લેન્ડર્સ "તરીકે સોંપવામા આવેલ છે. જિલ્લા કક્ષાએ આ કામગીરી જિલ્લા રજિસ્ટારશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. તેમના નિયંત્રણ હેઠળ કુલ-૩૨ સહકારી અધિકારી (ધીરધાર) / ઈન્સપેકટર(મની લેન્ડર્સ) તરીકે ફરજો બજાવે છે.

રાજયમાં ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫ અંતર્ગત કોઈપણ વ્યક્તિ નાણાંની ધીરધાર માટેનું રજિસ્ટ્રેશન કરાવ્યા સિવાય નાણાં

ધીરધારનું કામ કરી શકતો નથી. વધુમાં, આ અધિનિયમ અંતર્ગત સરકારશ્રીએ જાહેરનામાથી ઠરાવેલ વ્યાજના દરથી વધુ વ્યાજ પણ લઈ શકતા નથી.

આ અધિનિયમના અમલીકરણ માટે સહકારી અધિકારી (ધીરધાર) દ્વારા છુપા ધિરાણના કેસો શોધવાની કામગીરી તથા નિયમિત ધોરણે નાણાંની ધીરધાર કરનારાઓના હિસાબો તપાસણીની કામગીરી કરવામાં આવે છે. જે ઇસમો દ્વારા રજિસ્ટ્રેશન મેળવ્યા સિવાય ધીરધારનો ધંધો કરવામાં આવતો હોય અથવા વધુ વ્યાજ લેવામાં આવતું હોય, તો તેવા નાણાંની ધીરધાર કરનારાઓ સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

આ અધિનિયમના ભંગ બદલ તા.૩૧/૦૧/૨૦૨૪ અંતિત કુલ-૨૩૯ નામદાર કોર્ટમાં કોર્ટ કેસો દાખલ કરવામા આવેલ છે. તે પૈકી ૧૯ કોર્ટ કેસોનો વર્ષ દરમિયાન નિકાલ કરવામાં આવેલ છે. આમ, હાલમાં નાણાંની ધિરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ ની જુદી જુદી જોગવાઈઓના ભંગ બદલ ૨૨૦ કોર્ટ કેસો કાર્યવાહીમાં ન્યાયાધીન છે.

નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત હાલમાં ગુજરાત રાજયમાં કુલ- ૧૨૨૧૭ જેટલા નાણાંની ધીરધાર કરવા અંગેના રજિસ્ટ્રેશન ધારકો આવેલા છે.

ગત વર્ષે માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ રાજ્યમાં ગુજરાત નાણાંની ધિરધાર અધિનિયમ-૨૦૧૧ તથા નિયમ-૨૦૧૩ની જોગવાઈઓના અસરકારક અમલ માટે “E-COOPERATIVEPORTAL” અંતર્ગત “MONEY LENDING MODULE” લોન્ચ કરવામાં આવેલ છે. જેના કારણે તમામ નાણાંની ધીરધાર કરનારાઓએ કાયદા હેઠળના જરૂરી હોય તેવા જેમ કે, નવીન રજિસ્ટ્રેશન કરાવવું, રજિસ્ટ્રેશન રીન્યુ કરાવવું તથા જરૂરી હોય તેવી તમામ વિગતો પરત્વે ON LINE કાર્યવાહી થઈ રહેલ છે. આમ, ડીજીટલ પોર્ટલ બનાવવાથી નાણાં ધિરધાર કરનારને તથા દેણદારને વધુ પારદર્શી અને સરળ વહીવટ માટે ખુબ ઉપયોગી પુરવાર થઇ રહેલ છે. આમ, તંત્ર કાર્યશીલ અને જાગૃત છે.

માન.ધારાસભ્યશ્રી અનંતકુમાર પટેલે માંગણી ક્રમાંક-૫ અન્વયે રજૂ કરેલ કાપ દરખાસ્તના મુદ્દા બાબતે સ્પષ્ટતાનો સ્વીકાર કરી માંગણી ક્રમાંક-૫ મંજૂર કરવા ગૃહને દરખાસ્ત કરુ છું.